# PARTICIPANT HANDBOOK



IT/ITeS

Language: Gujrati

# COMPUTER BASICS

N·S·D·C National Skill Development Corporation

Orion Edutech ISO 9001:2015 CERTIFIED Funded Partner of NSDC

# COMPUTER BASICS

## કમ્પ્યૂટરની પાયાની બાબત

Orion Edutech
ISO 9001:2015 CERTIFIED
Funded Partner of NSDC

Orion House, 28, Chinar Park, Rajarhat Road
Kolkata – 700157, Ph.: +91 33 40051635

**www.orionedutech.com**

# અનુક્રમણિકા ¼ કમ્પ્યૂટરની પાયાની બાબત½


**પ્રકરણ 1 કમ્પ્યૂટરની પાયાની બાબતો**

કમ્પ્યુટર, લાભો, ઇતિહાસ, વર્ગીકરણ, ઘટકો

**પ્રકરણ 2: વિન્ડોઝ એક્સપી**

વિન્ડોઝ એક્સપી, ફીચર્સ, નોટપેડ, વર્ડપેડ

**પ્રકરણ 3: વિન્ડોઝ એક્સપી**

એમએસ પેઇન્ટ

**પ્રકરણ 4: વિન્ડોઝ એક્સપી**

ફાઈલ્સ અને ફોલ્ડર્સ મેનેજમેન્ટ, સિસ્ટમ ફોલ્ડર્સ, યુડીએફ, કોપી, કટ અને પેસ્ટ

**પ્રકરણ 5: વિન્ડોઝ એક્સપી**

સ્ટાર્ટ મેનુ પ્રોપર્ટીઝ, ટાસ્ક બાર પ્રોપર્ટીઝ, ડિસપ્લે પ્રોપર્ટીઝ

**પ્રકરણ 6: વિન્ડોઝ એક્સપી**

રિસાયકલ બિન પ્રોપર્ટીઝ, રિજિયોનલ સેટિંગ્ઝ, ઝિપ્ડ ફોલ્ડર

**પ્રકરણ 7: વિન્ડોઝ એક્સપી**

શોર્ટકટ, કેલ્ક્યુલેટર, સર્ચ

**પ્રકરણ 8: વિન્ડોઝ 7**

વિન્ડોઝ 7, સિસ્ટમની જરૂરિયાતો, નવા ફીચર્સ (ઈન્ટરફેસ, ગેજેટ્સ, એરોપિક)

**પ્રકરણ 9: એમએસ ઑફિસ**

એમએસ ઑફિસ, ઇતિહાસ, એમએસ–ઑફિસ 2010, ઍપ્લિકેશન્સ

**પ્રકરણ 10: વડ 2010**

એમએસ વર્ડ 2010, ઈન્ટરફેસ, પેજ સેટ–અપ, સરળ ફોર્મેટિંગ

**પ્રકરણ 11: વર્ડ 2010**

ટેક્ષ્ટ ફોર્મેટિંગ, પેરેગ્રાફ ફોર્મેટિંગ, બોર્ડર અને શેડિંગ

**પ્રકરણ 12: વર્ડ 2010**

બુલેટ્સ અને નંબરિંગ, ચેન્જ કેસ, ડ્રોપ કેપ

**પ્રકરણ 13: વર્ડ 2010**

ટેબ સેટિંગ, પેજ બ્રેક, કોલમ

**પ્રકરણ 14: વર્ડ 2010**

હેડર અને ફૂટર, હાયપરલિંક

**પ્રકરણ 15: વર્ડ 2010**

ઑટો કરેક્ટ, ફાઈન્ડ અને રિપ્લેસ, ઈલુસ્ટ્રેશન્સ – ચિત્ર, ક્લિપ આર્ટ, શેપ્સ, સ્માર્ટ આર્ટ, સ્ક્રીનશોટ

**પ્રકરણ 16: વર્ડ 2010**

ટેબલ, ટેબલના પ્રકારો, ટેબલ પ્રોપર્ટીઝ

**પ્રકરણ 17: વડ 2010**

મેઈલ મર્જ, મેઈલ મર્જની પદ્ધતિઆ

**પ્રકરણ 18: એક્સેલ 2010**

એમએસ એક્સેલ 2010, શીટ પ્રોપર્ટીઝ, ઈન્ટરફેસ




**પ્રકરણ 19: એક્સેલ 2010**

સેલ ફોર્મેટિંગ

**પ્રકરણ 20: એક્સેલ 2010**

સેલ એડ્રેસનો ઉપયોગ કરીને ગણતરી, ફોર્મ્યુલાનો ઉપયોગ કરીને ગણતરી

**પ્રકરણ 21: એક્સેલ 2010**

SUMIF ફંક્શન, IF ફંક્શન, AND, OR, NOT ફંક્શન

**પ્રકરણ 22: એક્સેલ 2010**

ઑટો ફોર્મેટ, સોર્ટ, ગ્રુપ, સબટોટલ

**પ્રકરણ 23: એક્સેલ 2010**

ફિલ્ટર, ટિપ્પણી, વેલિડેશન

**પ્રકરણ 24: એક્સેલ 2010**

ચાર્ટ, ચાર્ટ બનાવવો, ચાર્ટના પ્રકારો, ચાર્ટની પ્રોપર્ટીઝ

**પ્રકરણ 25: એક્સેલ 2010**

ફ્રીઝ પેન્સ, પેજ સેટ અપ, પેજ બ્રેક સેટિંગ, પાસવર્ડ પ્રોટેક્શન

**પ્રકરણ 26: પાવરપોઈન્ટ 2010**

એમએસ પાવરપોઈન્ટ 2010, ઈન્ટરફેસ સ્લાઈડ ક્રિએશન

**પ્રકરણ 27: પાવરપોઈન્ટ 2010**

સ્લાઈડ ટ્રાન્ઝિશન, કસ્ટમ ઍનિમેશન, સ્લાઈડ શો

**પ્રકરણ 28: પાવરપોઈન્ટ 2010**

ઈન્સર્ટ ટેબ, ડિઝાઈન ટેબ

**પ્રકરણ 29: ઈન્ટરનેટ**

ઈન્ટરનેટ, ઈતિહાસ, લાભો, વારંવાર વપરાતા શબ્દો

**પ્રકરણ 30: ઈન્ટરનેટ**

ઈ–મેલ આઈડી, ઈ–મેલ મેળવવો, ઈ–મેલ મોકલવો, રિપ્લાય, ફોરવર્ડિંગ, અટેચમેન્ટ

**પ્રકરણ 31: ઈન્ટરનેટ**

સોશલ નેટવર્કિંગ, બ્લોગ, બ્લોગ બનાવવો, નોંધ

**પ્રકરણ 32: આઉટલૂક 2010**

ઑફલાઈન ઈ–મેલ, એમએસ આઉટલૂક 2010, એકાઉન્ટ કન્ફિગ્યુરેશન

**પ્રકરણ 33: આઉટલૂક 2010**

મેઈલ કમ્પોઝિંગ, અટેચમેન્ટ, સેન્ડ અને રીસીવ, સિગ્નેચર, એડ્રેસ બુક, ડિસ્ટ્રિબ્યુશન લિસ્ટ

**પ્રકરણ 34: કોમ*નેટ***

કોમનેટ (કોમર્સ @ ઈન્ટરનેટ), ઑનલાઈન રેલ્વે ટિકિટ બૂકિંગ, ઑનલાઈન ટ્રાવેલ બૂકિંગ, નેટ બેન્કિંગ, ઑનલાઈન શોપિંગ, ઑનલાઈન મૂવી ટિકિટ બૂકિંગ

**પ્રકરણ 35: પીસીની જાળવણી**

ઍડ રીમૂવ પ્રોગ્રામ્સ, યુઝર ઍકાઉન્ટ મેનેજમેન્ટ, વાયરસ, એન્ટીવાયરસ, ડિવાઈસીસ

**પ્રકરણ 36: પુનરાવર્તન**

પુનરાવર્તન, શંકા નિવારણ



# પ્રકરણ 1

## કમ્પ્યૂટરની પાયાની બાબતો

**હેતુઃ**

- કમ્પ્યુટર
- લાભો
- ઈતિહાસ
- વર્ગીકરણ
- ઘટકો

---

## કમ્પ્યૂટર

***"કમ્પ્યૂટર એ ઈલેક્ટ્રો–મિકેનિકલ સાધન છે જે વપરાશકર્તા પાસેથી ઈનપુટ લે છે અને તેના પર પ્રક્રિયા કર્યા બાદ વપરાશકર્તાને આઉટપુટ આપે છે".***

**ઈનપુટઃ** ઈનપુટનો અર્થ છે કમાન્ડ અથવા સૂચનાઓ, જે વપરાશકર્તા ઉકેલ જાણવા માટે કમ્પ્યૂટરને આપે છે.

**પ્રોસેસિંગઃ** કમ્પ્યૂટર આપણી ભાષા જાણતું નથી. તે માત્ર બાયનરી ભાષા જ જાણે છે એટલે કે 0110011001100. કમ્પ્યૂટર પ્રથમ આપણી ભાષાને બાયનરીમાં ફેરવે છે જેથી તે સમજી શકે અને ત્યારબાદ તે ફરીથી બાયનરી ડેટાને વપરાશકર્તાની ભાષામાં ફેરવે છે જેથી વપરાશકર્તા પરિણામ સમજી શકે.

**આઉટપુટઃ** આઉટપુટનો અર્થ છે કમ્પ્યૂટર દ્વારા ચોક્કસ ઈનપુટની સામે આપવામાં આવેલું પરિણામ.

ધારો કે વપરાશકર્તા 2+2નું પરિણામ જાણવા માંગે છે. આ કિસ્સામાં, 2+2 એ ઈનપુટ છે. આ ઈનપુટ લીધા બાદ, કમ્પ્યૂટર ઈનપુટ સમજવા માટે 2+2ને બાયનરી ભાષામાં ફેરવે છે જેના પછી તે બાયનરીમાં પરિણામ તૈયાર કરે છે અને પરિણામને વપરાશકર્તાની ભાષામાં ફેરવે છે અને ત્યારબાદ મોનિટરમાં પરિણામ બતાવે છે જે છે 2+2=4. આ પરિણામ આઉટપુટ છે.

## કમ્પ્યૂટરના મૂળભૂત લાભો

### ઝડપ

તે થોડી સેકંડમાં બહુ વિશાળ કામ કરી શકે છે. માણસ કોઈ કામ માટે આખો દિવસ કામ કરવું પડે, જ્યારે કમ્પ્યૂટર તે જ કામ બહુ ઓછા સમયમાં કરી દે છે. કમ્પ્યૂટરની ઝડપ માઈક્રોસેકંડ, નેનોસેકંડ અને પિકોસેકંડમાં પણ મપાય છે.

### ચોકસાઈ

કમ્પ્યૂટર 100% ચોક્કસ હોય છે અને તે સમાન ચોકસાઈ સાથે આંકડાકીય ગણત્રી અને તાર્કિક ક્રિયાઓ કરવા માટે સક્ષમ છે. કમ્પ્યૂટર માનવોની ભૂલને કારણે ભૂલો કરી શકે છે. ડેટા ખોટો ફીડ કર્યો હોય તેને કારણે અથવા પ્રોગ્રામર દ્વારા ખોટા સેટિંગને કારણે આમ થઈ શકે છે.

### ખંત

જો તમે 3 કલાક સતત કામ કરો તો તમે એકાગ્રતાનો અભાવ, થાક અને કંટાળો અનુભવવા લાગો છો પરંતુ કમ્પ્યૂટર આમાંથી મુક્ત છે અને તમે સમાન ઝડપ અને સમાન ચોકસાઈ સાથે તમને જોઈતાં પરિણામો મેળવી શકો છો.

**અનુકૂલનશીલતા**

કમ્પ્યૂટર એકથી વધારે કાર્યો કરી શકે છે. તેનો ઉપયોગ ડેટા પ્રોસેસિંગ નોકરીઓ, હવામાનની આગાહી, ટિકિટ રિઝર્વેશન હેતુ, મલ્ટીમીડિયા ડિઝાઈનિંગ, એનિમેશન વગેરેમાં થાય છે.

## કમ્પ્યૂટરના વિકાસનો ઐતિહાસિક ઘટનાક્રમ

આધુનિક કમ્પ્યૂટર એ છેલ્લાં ઘણાં દાયકાઓથી અનેક લોકોની સંખ્યાબંધ શોધો, વિચારો અને વિકાસનું સંયુક્ત પરિણામ છે. 1830માં કેમ્બ્રિજ, ઈંગ્લેન્ડ ખાતે ઑટોમેટિક મિકેનિકલ કેલ્ક્યુલેટર બનાવવાના ચાર્લ્સ બેબેજના પ્રયત્ન સાથે ઑટોમેટિક ડેટા પ્રોસેસિંગનો ઇતિહાસ શરૂ થાય છે. કમ્પ્યૂટરના સમગ્ર મૂલ્યાંકનને ચોક્કસ પેઢીઓની સંખ્યામાં વિભાજીત કરવામાં આવે છે.

**પ્રથમ પેઢીના કમ્પ્યૂટર્સ**



યુનિવાક (યુનિવર્સલ ઑટોમેટિક કમ્પ્યૂટર) એ સામાન્ય હેતુ માટે ઉપલબ્ધ થયેલું પ્રથમ ઈલેક્ટ્રિકલ કમ્પ્યૂટર હતું જેનાથી ઈલેક્ટ્રિકલ કમ્પ્યૂટરની પ્રથમ પેઢીનો ઉદય થયો. પ્રથમ પેઢીના ઈલેક્ટ્રિકલ કમ્પ્યૂટર્સમાં વેક્યુમ ટ્યુબ્સનો ઉપયોગ થયો હતો. આ કમ્પ્યૂટર્સ કદમાં મોટા હતાં અને તેને વાતાનુકૂલનની જરૂર પડતી હતી. પંચ કાર્ડ રીડર અને કાર્ડપંચ એ ઈનપુટ અને આઉટપુટ યુનિટ હતાં.

**બીજી પેઢીના કમ્પ્યૂટર્સ**



(b) A transistor

આ કમ્પ્યૂટર્સમાં ટ્રાંઝિસ્ટર અને અન્ય ઘન અવસ્થાના સાધનોનો ઉપયોગ થતો હતો. તેમની સર્કિટ વેક્યુમ ટ્યુબ કરતાં નાની હતી અને ઓછી ગરમી પેદા થતી હતી. તેથી બીજી પેઢીના કમ્પ્યૂટર્સ માટે ઓછી વીજળીની જરૂર પડતી હતી, તે વધારે ઝડપી અને વધારે વિશ્વસનીય હતાં. આઈબીએમ 1401 એ બીજી પેઢીનું સૌથી લોકપ્રિય કમ્પ્યૂટર હતું.

**ત્રીજી પેઢીના કમ્પ્યૂટર્સ**



An IC chip

તેમાં ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સ (આઈસી)નો ઉપયોગ થયો હતો જેમાં ઈલેક્ટ્રોનિક સર્કિટના બધાં તત્ત્વો નાની સિલિકોન વેફરમાં હોય છે. ત્રીજી પેઢીના કમ્પ્યૂટર બીજી પેઢીના કમ્પ્યૂટર કરતાં વધારે સસ્તાં અને વધારે વિશ્વસનીય છે. ત્રીજી પેઢીના કમ્પ્યૂટર્સમાં ફોરટ્રાન અને કોબોલ જેવી ઉચ્ચ સ્તરીય ભાષાનો ઉપયોગ થઈ શકતો હતો. મિનિ કમ્પ્યૂટર્સ પણ ત્રીજી પેઢીના કમ્પ્યૂટર્સમાં એક ગતિવિધિ હતી.

**ચોથી પેઢીના કમ્પ્યૂટર્સ**

ચોથી પેઢીના કમ્પ્યૂટર્સ 1970ના દશકમાં આવ્યા જેમાં હજી વધુ નવી ઈલેક્ટ્રોનિક ટેકનોલોજીનો ઉપયોગ થયો જેનાથી તે ત્રીજી પેઢીના કમ્પ્યૂટર કરતાં કદમાં વધારે નાના અને ઝડપી બન્યાં. આ સમયે કમ્પ્યૂટર એક્સેસ માટે ઘણાં નવાં પ્રકારના ટર્મિનલ અને સાધનો વિકસાવવામાં આવ્યા હતાં.

એક સૌથી મહત્ત્વની શોધ લાર્જ સ્કેલ ઈન્ટિગ્રેટેડ સર્કિટ્સ (એલએસઆઈ) હતી જેનાથી ચોથી પેઢી આવી. એલએસઆઈ એ નાની ‘‘ચિપ’’ છે જે હજારો નાના ઈલેક્ટ્રોનિક ઘટકો ધરાવે છે જે સંપૂર્ણ સિસ્ટમ તરીકે કામ કરે છે.

**માઈક્રોકમ્પ્યૂટર્સઃ**

જુલાઈ 1977માં ડલાસ ખાતે નેશનલ કમ્પ્યૂટર કોન્ફરન્સ ખાતે કોમોડોર લિ.એ પર્સનલ ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્ટ અથવા પીઈટી કહેવાતાં ફુલી એસેમ્બલ્ડ માઈક્રોકમ્પ્યૂટર કે જે એક ઘરમાં સમાઈ શકે તેની જાહેરાત કરીને કમ્પ્યૂટિંગ વિશ્વને આશ્ચર્યનો આંચકો આપ્યો. બાદમાં 1977માં રેડિયો શોક કોર્પોરેશને ટીઆરએસ 80 કમ્પ્યૂટરની જાહેરાત કરી.

**આઈબીએમ ફેમિલિના પર્સનલ કમ્પ્યૂટર્સઃ**

1981માં ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન્સ (આઈબીએમ)એ આઈબીએમ પર્સનલ કમ્પ્યૂટર્સની જાહેરાત સાથે માઈક્રોકમ્પ્યૂટરના ક્ષેત્રમાં પદાર્પણ કર્યું. પર્સનલ કમ્પ્યૂટર શબ્દ સાથે એવો ખ્યાલ જોડાયેલો હતો કે કોઈ વ્યક્તિ પાસે તેનું કે તેણીનું અલાયદું કમ્પ્યૂટર હોઈ શકે છે. આઈબીએમ પીસીના આગમન સાથે કમ્પ્યૂટર્સ મોટી સંસ્થાઓમાંથી બહાર આવીને ઘરોમાં પ્રવેશ્યાં. જો કે, 8–બીટનું માઈક્રોપ્રોસેસર લેવાને બદલે આઈબીએમએ ઈન્ટેલ 8088 પસંદ કર્યું જે 16–બીટનું માઈક્રોપ્રોસેસર હતું જેનાથી આઈબીએમ પીસીને ''રાતોરાત સફળતા'' મળી. 1983માં પીસી ફેમિલિમાં આઈબીએમનો પ્રથમ ઉમેરો એટલે કે એક્સટી મોડેલ રજૂ કરવામાં આવ્યું. એટી મોડેલ કે જે પીસી અને એક્સટી કરતાં પણ અથવા નવા ડેસ્ક પ્રો કરતાં પણ વધુ કમ્પ્યૂટિંગ ઝડપ ધરાવે છે? જયારે સોફ્ટવેર વિક્રેતાઓએ તેમના ઉત્પાદનો આઈબીએમ પીસીની દિશામાં બનાવ્યા ત્યારે ઘણાં માઈક્રોકમ્પ્યૂટર ઉત્પાદકોએ તેના ક્લોન બનાવ્યા અને વેચ્યાં. આ ક્લોન કે જેને આઈબીએમ પીસી કમ્પેટિબલ કહે છે તેમાં આઈબીએમ પીસી માટે બનાવવામાં આવેલા મોટાભાગનાં કે બધાં સોફ્ટવેર ચાલતાં હતાં.

**પાંચમી પેઢીના કમ્પ્યૂટર્સ**

કમ્પ્યૂટરની પાંચમી પેઢીની વ્યાખ્યા આપવી એ થોડીઘણી મુશ્કેલ છે કારણ કે આ ક્ષેત્ર હજી ભાખોડિયા ભરે છે. પાંચમી પેઢીના કમ્પ્યૂટરનું સૌથી પ્રખ્યાત ઉદાહરણ એ આર્થર સી. ક્લાર્કની નવલકથા, 2001: અ સ્પેસ ઓડિસીમાં આવતું કાલ્પનિક એચએએલ9000 છે. હાલમાં વાસ્તવિક જીવનના પાંચમી પેઢીના કમ્પ્યૂટર્સ માટે કલ્પવામાં આવેલા બધાં કાર્યો એચએએલ કરતું હતું. કૃત્રિમ બુદ્ધિમતા સાથે એચએએલ માનવ ઑપરેટર્સ સાથે વાતચીત કરી શકે, વિઝ્યુઅલ ઈનપુટનો ઉપયોગ કરી શકે અને પોતાના અનુભવોમાંથી શીખી શકવા જેટલું વિચારી શકતું હતું.

## કમ્પ્યૂટરનું વર્ગીકરણ

**ઍનાલોગ કમ્પ્યૂટરઃ**

એવું કમ્પ્યૂટર કે જે સમસ્યાનો ઉકેલ લાવવા માટે ડેટાને સંખ્યા તરીકે વ્યક્ત કરવાને બદલે વોલ્ટેજ, ચક્રોનું ભ્રમણ વગેરે જેવી માપી શકાય તેવી માત્રામાં ડેટા રજૂ કરે છે.




**ડિજિટલ કમ્પ્યૂટરઃ**

આ એવું કમ્પ્યૂટર છે જે સામાન્ય રીતે બાયનરી નોટેશનના સ્વરૂપે સંખ્યા તરીકે અર્થઘટન કરવામાં આવતાં સ્વતંત્ર સંકેતો તરીકે વ્યક્ત કરવામાં આવતાં ડેટા પર શ્રેણીબદ્ધ ગાણીતિક અને તાર્કિક ક્રિયાઓ સંગ્રહે છે અને કરે છે.



**ડિજિટલ કમ્પ્યૂટર**

**હાયબ્રિડ કમ્પ્યૂટર :**

એનાલોગ અને ડીજીટલ કમ્પ્યૂટર સિસ્ટમના સંયોજનની બનેલી કમ્પ્યૂટર સિસ્ટમને હાયબ્રિડ કમ્પ્યૂટર કહે છે.



**હાયબ્રિડ કમ્પ્યૂટર**

## ઘટકો

**કમ્પ્યૂટરના બે ઘટકો છે:**

- હાર્ડવેર
- સોફ્ટવેર

**હાર્ડવેરઃ** એવા પ્રકારનું સાધન જેને આપણે જોઈ અને સ્પર્શી શકીએ છીએ અને જે ભૌતિક રીતે હાજર હોય છે તેને હાર્ડવેર સાધન કહે છે. ઉદાહરણઃ માઉસ, મોનિટર, કીબોર્ડ, સીપીયુ વગેરે.

**સોફ્ટવેરઃ** પ્રોગ્રામ્સ અથવા અન્ય કંઈપણ કે જે કમ્પ્યૂટર પર સંચાલિત થાય છે તેને સોફ્ટવેર કહે છે. ટેકનિકલ રીતે, સોફ્ટવેર એ કમ્પ્યૂટર અને સંબંધિત સાધનોનું સંચાલન કરવા માટે વપરાતાં વિવિધ પ્રકારના પ્રોગ્રામ માટેનો સામાન્ય શબ્દ છે. ઉદાહરણઃ એમએસ ઑફિસ, ટેલી, કોરલ ડ્રો, વીએલસી મીડિયા પ્લેયર, કોઈપણ ગેમ્સ વગેરે.

**સોફ્ટવેરના બે પ્રકાર છેઃ**

i) **સિસ્ટમ સોફ્ટવેરઃ** એવા પ્રકારનો સોફ્ટવેર જે કમ્પ્યૂટરની સંપૂર્ણ સિસ્ટમે નિયંત્રિત કરે છે તેને સિસ્ટમ સોફ્ટવેર કહે છે.

**ઑપરેટિંગ સિસ્ટમઃ**

ઑપરેટિંગ સિસ્ટમ એ સિસ્ટમ સોફ્ટવેર છે જે કમ્પ્યૂટરને શરૂ થવા માટે જરૂરી છે અને તે હાર્ડવેર અને વપરાશકર્તાની વચ્ચે દુભાષિયો છે.

**કેટલીક ઑપરેટિંગ સિસ્ટમ નીચે પ્રમાણે છેઃ**

1. **એમએસ વિન્ડોઝઃ** વિન્ડોઝ 95, 98, 2000, એક્સપી, વિસ્ટા, વિન્ડોઝ 7. (**જીયુઆઈઃ** ગ્રાફિક યુઝર ઈન્ટરફેસ)
2. **ડોસ** (ડિસ્ક ઑપરેટિંગ સિસ્ટમ) (**સીયુઆઈઃ** કેરેક્ટર યુઝર ઈન્ટરફેસ)
3. **યુનિક્સ**
4. **લિનક્સ**
5. **નોવેલ નેટવેર**

ii) **ઍપ્લિકેશન સોફ્ટવેરઃ**

ચોક્કસ સિસ્ટમ સોફ્ટવેર હેઠળ ચાલતો એવા પ્રકારનો સોફ્ટવેર અને જેનો ચોક્કસ ઍપ્લિકેશન માટે ઉપયોગ થતો હોય તેને ઍપ્લિકેશન સોફ્ટવેર કહે છે. દાખલા તરીકે, એકાઉન્ટિંગના કામ માટે જરૂરી સોફ્ટવરે ''ટેલી'' છે. પત્રલેખન, ગણત્રી વગેરે જેવા રોજીંદા ઑફિશિયલ કામ માટેનો સોફ્ટવેર એમએસ ઑફિસ છે. ડિઝાઈનિંગના હેતુ માટેનો સોફ્ટવેર ''કોરલ ડ્રો'' છે.

**જીયુઆઈ અને સીયુઆઈ**

- જો તમે બધી ઑપરેટિંગ સિસ્ટમ જુઓ તો તમે નોંધ લેશો કે તેઓ બે પ્રકારના ઈન્ટરફેસ આપે છે – સીયુઆઈ (કેરેક્ટર યુઝર ઈન્ટરફેસ) અને જીયુઆઈ (ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ).

- સીયુઆઈનો અર્થ છે કેરેક્ટર યુઝર ઈન્ટરફેસ; તેનો અર્થ છે કે તમારા કમ્પ્યૂટર સાથે સંવાદ કરવા માટે તમારે કમાન્ડ ટાઈપ કરવો જરૂરી છે.

- જીયુઆઈનો અર્થ છે ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ; તેનો અર્થ એ છે કે તમારા કમ્પ્યૂટર સાથે સંવાદ કરવા માટે તમારે કમાંડ ટાઈપ કરવાની જરૂર નથી; તેને બદલે તમારે રેડીમેડ કમાંડના આઈકોન પર માઉસની મદદથી ક્લિક કરવાની હોય છે.

**અગત્યનુંઃ**

કોઈપણ કમ્પ્યૂટર માટે ઓછામાં ઓછો એક સિસ્ટમ સોફ્ટવેર જરૂરી છે. એકથી વધુ સિસ્ટમ સોફ્ટવેર પણ શક્ય છે પરંતુ ઓછામાં ઓછા એકની જરૂર પડે છે; અન્યથા કમ્પ્યૂટર ચાલશે નહીં. પરંતુ ઍપ્લિકેશન સોફ્ટવેર માટે આવો કોઈ માપદંડ નથી. કમ્પ્યૂટર કોઈપણ ઍપ્લિકેશન સોફ્ટવેર વિના ચાલી શકે છે. તેથી આ સંકલ્પનાના આધારે આપણે કહી શકીએ કે સિસ્ટમ અને એપ્લિકેશન સોફ્ટવેર વચ્ચેનો સંબંધ રેલ અને પાટાં જેવો છે જેમાં પાટાં સિસ્ટમ સોફ્ટવેર બરાબર છે અને રેલ ઍપ્લિકેશન સોફ્ટવેર બરાબર છે. જો પાટા ઉપલબ્ધ હોય તો રેલ ચાલે છે, અન્યથા ચાલતી નથી.

**બૂટિંગઃ**

બૂટિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં બધા કાર્યક્રમો (ઑપરેટિંગ સિસ્ટમ સહિત) રેમ (રેન્ડમ એક્સેસ મેમરી જેમાં કમ્પ્યૂટર ચાલુ હોવા દરમિયાન વપરાશકર્તા કામ કરે છે)માં આવે છે જેથી વપરાશકર્તાને કાર્ય કરી શકાય તેવું ઈન્ટરફેસ મળે છે. પેરિફરલ ડિટેક્શન એ પણ બૂટિંગનો એક ભાગ છે જેમાં સિસ્ટમ કમ્પ્યૂટર સાથે બધા સાધનોની કનેક્ટિવિટી ચકાસે છે.

બૂટિંગ પ્રક્રિયા બાદ જ્યાંથી વપરાશકર્તા કોઈપણ કામ શરૂ કરી શકે તેવો પ્રથમ સ્ક્રીન ડેસ્કટોપ કહેવાય છે. ડેસ્કટોપની નીચેનો બાર ટાસ્કબાર કહેવાય છે જેમાં ડાબી તરફ સ્ટાર્ટ બટન અને જમણી તરફ ક્લોક હોય છે.




## સાર

- ઝડપ, ચોકસાઈ, ખંત, અનુકૂલનશીલતા વગેરે કમ્પ્યૂટરના લાભો છે.
- કમ્પ્યૂટરના બે ઘટકો છે. એક હાર્ડવેર અને અન્ય સોફ્ટવેર છે.
- ઑપરેટિંગ સિસ્ટમ એ સિસ્ટમ સોફ્ટવેર છે જે કમ્પ્યૂટરને શરૂ થવા માટે જરૂરી છે અને તે હાર્ડવેર અને વપરાશકર્તાની વચ્ચે દુભાષિયો છે.

## સ્વાધ્યાય

1. કમ્પ્યૂટર શું છે?
2. કમ્પ્યૂટરના લાભો શું છે?
3. સિસ્ટમ અને ઍપ્લિકેશન સોફ્ટવેર વચ્ચે શું ફર્ક છે?
4. સિસ્ટમ ફોલ્ડર એટલે શું?
5. જીયુઆઈ અને સીયુઆઈ વચ્ચે શું તફાવત છે?
6. બૂટિંગ શું છે?
7. બધી પેઢીના કમ્પ્યૂટરના ઓછામાં ઓછા બે ઉદાહરણો આપો.
8. કમ્પ્યૂટરની વિવિધ પ્રકારની લાક્ષણિકતાઓ વર્ણવો.

9. કમ્પ્યૂટરમાં કયા સ્ટોરેજ ડિવાઈસ હોય છે?

10. વિન્ચેસ્ટર ડિસ્ક શું છે?

11. કમ્પ્યૂટરના મૂળભૂત કાર્યો ટૂંકમાં વર્ણવો.

12. દરેક પેઢીના કમ્પ્યૂટરની લાક્ષણિકતાઓ સમજાવો.

13. માઈક્રોકમ્પ્યૂટર શું છે? તેના લાભો અને ગેરલાભો સમજાવો.

14. સુપર કમ્પ્યૂટર શું છે? તેના લાભો અને ગેરલાભો સમજાવો.

# પ્રકરણ 2

## વિન્ડોઝ એક્સપી

**હેતુઃ**

- વિન્ડોઝ એક્સપી
- ફીચર્સ
- નોટપેડ
- વર્ડપેડ

વિન્ડોઝ એક્સપી એ વિન્ડોઝ એનટી ફેમિલિની ઑપરેટિંગ સિસ્ટમનું નવીનતમ સંસ્કરણ છે. વિન્ડોઝ એક્સપી વેપારી વપરાશકર્તાઓ માટે બનાવવામાં આવી છે અને વિન્ડોઝ એક્સપી હોમ એ ઉપભોક્તાઓ અથવા ઘરેલુ વપરાશકર્તાઓ માટે બનાવવામાં આવી છે.

### વિન્ડોઝ એક્સપીના ફીચર્સ

**તેના કેટલાંક ફીચર્સ નીચે ચર્ચવામાં આવ્યા છેઃ**

**સરળ ઈન્સ્ટોલેશન અને અપડેટિંગઃ**

વિન્ડોઝ એક્સપી એવા ઘણાં પાસાંઓ ધરાવે છે જે તેને ઈન્સ્ટોલ કરવી અને અપ ટુ ડેટ રાખવી સરળ બનાવે છે. આમાં ડાયનેમિક અપડેટ અને વિન્ડોઝ અપડેટ; ફાઈલ અને સેટિંગ ટ્રાન્સફર વિઝાર્ડ; વિવિધ ટાસ્ક માટે વધુ વિઝાર્ડ; ડિવાઈસ ડ્રાઈવર્સની બહોળી પસંદગી; મલ્ટીફંક્શન ડિવાઈસ માટે સરળ ઈન્સ્ટોલેશન; અને વિન્ડોઝ ૯૮ અને વિન્ડોઝ મિલેનિયમમાં પાછા આવવા માટે અસરકારક અનઈન્સ્ટોલ.

**ડાયનેમિક અપડેટ અને વિન્ડોઝ અપડેટઃ**

જ્યારે તમે વિન્ડોઝ એક્સપી ઈન્સ્ટોલ કરવા જઈ રહ્યા હો ત્યારે તમે એક નવું પાસું નોંધશો જે ડાયનેમિક અપડેટ છે જે તમને ડાઉનલોડિંગના સમયે લેટેસ્ટ પેચ, પેકેજીઝ, અને ફિક્સ ઈન્સ્ટોલ કરવાની ઑફર કરે છે જેથી તમારી વિન્ડોઝ એક્સપીની કોપી અપ ટુ ડેટ રહે.

**સરળતા માટે વધારે વિઝાર્ડઃ**

નેટવર્ક ટ્રાન્સફર વિઝાર્ડમાં તમારું સ્વાગત છે જે વિન્ડોઝ નેટવર્ક અને ઈન્ટરનેટ કનેક્શન શેરિંગ અને બે હાર્ડવેર વિઝાર્ડ, એડ હાર્ડવેર વિઝાર્ડ અને ફાઉન્ડ ન્યુ હાર્ડવેર વિઝાર્ડનું અસરકારક કન્ફિગરેશન પૂરું પાડે છે.

**વધુ ડિવાઈસ ડ્રાઈવર્સઃ**

વધુ ડિવાઈસ ડ્રાઈવર્સને કારણે વિન્ડોઝ (વિન્ડોઝ 98, વિન્ડોઝ મિલેનિયમ અથવા વિન્ડોઝ 2000)ના અન્ય સંસ્કરણ કરતાં વધુ સારી સંભાવના છે કે જ્યારે તમે નવું ડિવાઈસ પ્લગ કરો ત્યારે વિન્ડોઝ એક્સપી આપોઆપ ડ્રાઈવર લોડ કરી શકશે અને તેને બરાબર ચલાવી શકશે. અન્યથા, વધુ લાભો માટે તમે ડિવાઈસની સાથે આવતાં યોગ્ય ડ્રાઈવની મદદથી આ ડિવાઈસને ઈન્સ્ટોલ કરી શકો છો.

**ફાઈલ્સ અને સેટિંગ્ઝ ટ્રાન્સફર વિઝાર્ડઃ**

ફાઈલ્સ અને સેટિંગ ટ્રાન્સફર વિઝાર્ડ એક જ કમ્પ્યૂટરથી બીજા કમ્પ્યૂટર પર અથવા વિન્ડોઝના એક ઈન્સ્ટોલેશનમાંથી અન્યમાં ફાઈલ અને સેટિંગ ટ્રાન્સફર કરવાનો માર્ગ પૂરો પાડે છે પરંતુ તમારે હજીપણ નવા કમ્પ્યૂટર પર સમગ્ર પ્રોગ્રામ ફરીથી ઈન્સ્ટોલ કરવાની જરૂર પડશે.

**અસરકારક રીતે ફરીથી અન-ઈન્સ્ટોલ કરીને વિન્ડોઝ ૯૮ અને વિન્ડોઝ એમઈ કરી શકાયઃ**

વિન્ડોઝ એક્સપી એક સરસ ફીચર ધરાવે છે, વિન્ડોઝ એક્સપીના ઈન્સ્ટોલેશનને પાછલાં વિન્ડોઝ 98, વિન્ડોઝ 98 સેકન્ડ એડિશન અને વિન્ડોઝ મિલેનિયમના અગાઉના ઈન્સ્ટોઈલેશન પર રોલ બેક થવું, પરંતુ તમે વિન્ડોઝ એનટી અને વિન્ડોઝ 2000માંથી જૂની સિસ્ટમ પર જઈ શકતા નથી.

**નવી સ્ટાર્ટ મેનુઃ**

વિન્ડોઝ એક્સપી નવી ડિઝાઈન કરેલી સ્ટાર્ટ મેનુ ધરાવે છે જે ઉપયોગ કરવામાં સરળ અને ઝડપી હોવાનું મનાય છે. વિન્ડોઝ એક્સપી માટે ડિઝાઈન કરેલી ડિફોલ્ટ ''સ્ટાર્ટ મેનુ'' વિન્ડોઝ ૯એક્સના અન્ય સંસ્કરણ કરતાં અલગ લાગે છે.

**આઈ કેન્ડીઃ**

વિન્ડોઝ એક્સપી તમારી તસ્વીરોને સ્ક્રીન સેવર સ્લાઈડ શો તરીકે વ્યાખ્યાચિત કરવા માટેનું ફીચર ધરાવે છે. આ આઈ કેન્ડીનું એક મહત્ત્વનું ઉદાહરણ છે, એટલે કે તમારા કમ્પ્યૂટરના હાર્ડવેર વધારે સ્માર્ટ છે, ક્યારેક તમારી આઈ કેન્ડી અસ્વીકૃત દેખાવના દંડ તરીકે પણ મળી શકે છે.

**ટાસ્કબારના ફેરફારો અને સુધારાઓઃ**

વિન્ડોઝ એક્સપીમાં ટાસ્કબાર પર ઘણાં વિકલ્પોનો સમાવેશ થયો છે પરંતુ તમે વિન્ડોઝના અગાઉના સંસ્કરણમાં જે હતું તેના જેવું ટાસ્કબારનું વર્તન બદલી શકો છો.

**વિન્ડોઝ મીડિયા પ્લેયર વર્ઝન 8ઃ**

વિન્ડોઝ મીડિયા પ્લેયર એ વિડિઓ અને ડીવીડી પ્લેયર, સીડી પ્લેયર, ઈન્ટરનેટ રેડિઓ ટ્યુનર અને ડબલ્યુએમએ તથા એમપી૩ ફાઈલ્સ જેવી ડીજીટલ ઑડિયો ફાઈલ્સ વગાડવા અને સંગઠિત કરવા માટેના જયુકબોક્સનું સંયોજન છે. બધી ડેટ ફાઈલ્સ કે જે વિન્ડોઝ ૯૮માં બરાબર ચાલતી ન હતી તે વિન્ડોઝ એક્સપીના પ્લેટફોર્મમાં સરળતાથી ચાલી શકે છે. વિન્ડોઝ મીડિયા પ્લેયર એ વિન્ડોઝ 98ના અગાઉના સંસ્કરણ કરતાં ઘણો વધારે સુધારો દર્શાવે છે.

**વિન્ડોઝ મૂવી મેકરઃ**

આ પેકેજીઝનો ઉપયોગ વિડીઓ કેપ્ચર કરવા, વિડીઓ અને ઑડિયો ઍડિટ કરવા માટે તથા વિન્ડોઝ મીડિયા ફોર્મેટમાં વિડીઓ ફાઈલ્સ બનાવવા માટે થાય છે.

**સીડી બર્નિંગઃ**

ની ક્ષમતાઓ વિન્ડોઝ એક્સપીમાં ઈનબિલ્ટ છે. તમે વિન્ડોઝ એક્સપ્લોરરમાંથી સીડી બનાવી શકો છો અને વિન્ડોઝ મીડિયા પ્લેયરમાંથી પણ તે બનાવી શકો છો.

**કોમ્પ્રેસ્ડ ફોલ્ડર્સઃ**

કોમ્પ્રેસ્ડ ફાઈલ્સ અને ફોલ્ડર વિન્ડોઝ એક્સપીમાં ઈનબિલ્ટ છે. ઝિપ કરવા માટે તમને કોઈપણ સોફ્ટવેરની જરૂર નથી – વિનઝિપ 7 વિન્ડોઝ એક્સપીમાં ડિફોલ્ટ તરીકે હાજર છે.

**વધારે ઉપયોગી વિનકીઃ** વિનકી? તે શું છે? તે કીબોર્ડ પરની વિન્ડોઝ કી છે – વિન્ડોઝના લોગો સાથેની કી. તે Alt+Ctrl કીની પાસે આવેલી હોય છે.

**વિનકીના કેટલાંક કોમ્બિનેશન આ પ્રમાણે છેઃ**

| | |
|---|---|
| Winkey + Break | સિસ્ટમ પ્રોપર્ટીઝ બતાવે |
| Winkey + Tab | કંટ્રોલને ટાસ્કબારના બાજુના બટન પર ખસેડે છે. |
| Winkey + B | ફોકસને નોટિફિકેશન એરિયામાં ખસેડે છે. |
| Winkey + D | ડેસ્કટોપ બતાવે છે. |
| Winkey + E | માય કમ્પ્યૂટર બતાવતી એક્સપ્લોરર વિન્ડો ખોલે છે. |
| Winkey + F | સર્ચ રિઝલ્ટ વિન્ડો ખોલે છે, સર્ચ કમ્પેનિયનને સક્રિય કરે છે. |
| Winkey + F1 | હેલ્પ અને સપોર્ટ |
| Winkey + R | રન ડાયલોગ બોક્સ બતાવે છે |
| Winkey + U | યુટિલિટિ મેનેજર બતાવે છે |
| Winkey + L | કમ્પ્યૂટરને લોક કરે છે. |

**ઈન્ટરનેટ એક્સપ્લોરરનું નવું વર્ઝનઃ**

ઈન્ટરનેટ એક્સપ્લોરર વર્ઝન ૬નો વિન્ડોઝ એક્સપીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ઝન ૬ની સરખામણીમાં નવું મીડિયા બાર ઈન્ટરનેટ એક્સપ્લોરરમાં સ્ટ્રીમિંગ ઑડિયોને સીધો સાંભળવો વધારે સરળ બનાવે છે. ઈન્ટરનેટ એક્સપ્લોરર ૬ મેક્રોમીડિયા ફ્લેશ અને શોકવેવ ઍનિમેશન્સ માટે બિલ્ટ–ઈન સપોર્ટ અને કેસ્કેડિંગ સ્ટાઈલ શીટ્સ લેવલ 1 માટે સપોર્ટ ધરાવે છે. ચોખ્ખું પરિણામ એ છે કે વધારાના સોફ્ટવેરની જરૂરિયાત વિના વધુ ઍનિમેશન પ્લે થઈ શકશે.

**એમએસએન ઍક્સપ્લોરરઃ** વિન્ડોઝ એક્સપીમાં એમએસએન ઍક્સપ્લોરરનો સમાવેશ થાય છે. જો તમારો કોઈ આઈએસપી ન હોય તો તમે ઈન્ટરનેટ સાથે જોડાવા માંગતા હોઈ શકો છો.

**ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ (જીયુઆઈ)**

આજકાલ બધે જ તમે હોર્ડિંગ, બેનર, પાર્કિંગની સૂચનાઓ, ટ્રાફિક સિગ્નલ્સ વગેરે જેવી ચીજોની ચિત્રાત્મક રજૂઆતો જોતાં હો છો. આનું કારણ એ છે કે ચિત્રાત્મક રજૂઆતો ભાષાથી સ્વતંત્ર છે જેથી કોઈપણ વ્યક્તિ આ બાબત દુભાષિયાની મદદ વિના ખૂબ સરળતાથી અને ઝડપથી સમજી શકે. યુઝરને સમજ પડે તેવા સોફ્ટવેર અથવા ફાઈલ અથવા ફોલ્ડર બનાવવા માટે સોફ્ટવેર ડેવલપર્સએ આ ગ્રાફિકલ રજૂઆતનો લાભ લેવાનું પસંદ કર્યું છે. હાલમાં આ લાભના આધારે લગભગ બધા સોફ્ટવેર વિકસાવવામાં આવ્યા છે જે વપરાશકર્તા માટે ઘણું સરળ વાતાવરણ પૂરું પાડે છે અને મોટાભાગના વપરાશકર્તા તે જ પસંદ કરી રહ્યા છે. આ સગવડ ગ્રાફિકલ યુઝર ઈન્ટરફેસ (જીયુઆઈ) તરીકે ઓળખાય છે. કેટલીક સામાન્ય ઑપરેટિંગ સિસ્ટમ છે કે જે જીયુઆઈ ફીચર સપોર્ટ કરે છે, જેમ કે વિન્ડોઝના અલગ અલગ વર્ઝન, ઓપન સર્વર યુનિક્સ, ઓએસ /2, નોવેલ ઑપરેટિંગ સિસ્ટમ (એનઓએસ) વર્ઝન 4.1 વગેરે.

**મલ્ટીટાસ્કિંગ**

મલ્ટીટાસ્કિંગ એટલે એકથી વધુ કામો એક સાથે કરવાં. વિન્ડોઝ એક્સપીમાં તમે એકથી વધુ સોફ્ટવેર તેમજ એકથી વધુ ડોક્યુમેન્ટ એક જે અલગ સોફ્ટવેરમાં એકસાથે ખોલી શકો છો. ટાસ્કબારનો ઉપયોગ કરીને અથવા Alt + Tab કીનો સાથે ઉપયોગ કરીને તમે એક ડોક્યુમેન્ટ/સોફ્ટવેરથી અન્યમાં સરળતાથી જઈ શકો છો. ખોલી શકાય તેવા સોફ્ટવેર / ડોક્યુમેન્ટ્સની સંખ્યા મેમરી (રેમ) ક્ષમતા પર આધારિત છે. આ સગવડ મલ્ટીટાસ્કિંગ તરીકે ઓળખાય છે.




**લિંકિંગ**

આ સગવડ દ્વારા તમે બે ફાઈલ્સની વચ્ચે સંબંધ સ્થાપિત કરી શકો છો જેથી જ્યારે તમે સોર્સ ફાઈલમાં કંઈપણ બદલો ત્યારે ટાર્ગેટ ફાઈલને અસર થશે તેમજ ટાર્ગેટ એરિયા પર ડબલ ક્લિક કરીને ટેક્ષ્ટ ફાઈલમાંથી સોર્સ ફાઈલ સીધી એક્સેસ કરીને સોર્સ કન્ટેન્ટની અંદર તમે કોઈપણ ફેરફારો કરી શકો છો. સોર્સ ફાઈલ ખૂલશે; તમે જે કોઈપણ ફેરફારો કરી રહ્યા છો તેને મૂળ સોર્સ ફાઈલની અંદર સેવ કરવા જોઈએ, જેની અસર પણ ટાર્ગેટ ફાઈલની અંદર ચોક્કસપણે આવશે.

**એમ્બેડિંગ**

શબ્દ સૂચવે છે તેમ, આ ફીચરનો ઉપયોગ કરીને તમે ટેક્ષ્ટ ડોક્યુમેન્ટની અંદર ઑબ્જેક્ટની કોપી મેળવી શકો છો. પરંતુ મૂળ સોર્સ ફાઈલની સાથે આવો કોઈ સંબંધ નહીં હોય. આમ પણ, જ્યારે તમે સોર્સ ફાઈલની અંદર કંઈપણ બદલો ત્યારે તે ટાર્ગેટ ફાઈલને પ્રતિબિંબિત કરશે નહીં.

**પ્લગ 'એન' પ્લ**

આ ફીચર વિન્ડોઝ એક્સપીના ડ્રાઈવ લિસ્ટમાંથી યોગ્ય ડિવાઈસ સપ્લાય કરીને કોઈપણ નવા હાર્ડવેર ડિવાઈસને સક્રિય કરવામાં મદદ કરે છે. જો સંબંધિત ડિવાઈસ ડ્રાઈવર વિન્ડોઝ એક્સપીમાં ઉપલબ્ધ ન હોય તો ઑપરેટિંગ સિસ્ટમ પોતે ડિવાઈસને ચલાવવા માટે સંબંધિત ડિવાઈસ ડ્રાઈવર સપ્લાય કરવા માટે તાકીદનો મેસેજ આપશે. વિન્ડોઝ એક્સપીની આ અનોખી પ્રક્રિયા પ્લગ 'એન' પ્લે તરીકે ઓળખાય છે. આ પ્રક્રિયા ચલાવવા માટે હાર્ડવેર ઘટક જોડો અને પીસી ચાલુ કરો. ઑપરેટિંગ સિસ્ટમ પ્લગ 'એન' પ્લે પ્રોગ્રામ દ્વારા તાત્કાલિક નવા અટેચમેન્ટને ચકાસશે. જો વિન્ડોઝ એક્સપી હાર્ડવેર ચલાવવા માટે ડિવાઈસ ડ્રાઈવર પૂરો પાડવા માટે સક્ષમ ન હોય તો તમારે આ ડિવાઈસ ડ્રાઈવર બાહ્ય રીતે પૂરો પાડવાનો રહેશે, સીડી અથવા ફ્લોપીનો ઉપયોગ કરીને જે ડિવાઈસ ખરીદતી વખતે વિક્રેતા દ્વારા પૂરી પાડવામાં આવશે. જો તમારું પીસી વર્કિંગ મોડમાં હોય તો તમે તેની સાથે કોઈપણ નવો ડિવાઈસ જોડી શકો છો અથવા કોઈપણ નવો પ્રવર્તમાન ડિવાઈસ જોડી શકો છો, જેના પછી તરત પ્લગ 'એન' પ્લે ફીચર તાત્કાલિક શરૂ કરશે. પરંતુ આ પ્રકારનું અટેચમેન્ટ કમ્પ્યૂટર માટે બહુ જોખમી છે. કમ્પ્યૂટરનો કોઈપણ ભાગ ક્રેશ થઈ શકે છે. અટેચમેન્ટની આ પદ્ધતિ ટાળવી સારી રહેશે.

ટેક્ષ્ટ અને ડિઝાઈનના હેતુ માટે વિન્ડોઝ આપણને નીચેની ઍપ્લિકેશન આપે છેઃ

1. **નોટપેડ** (સરળ લેખન માટે ઉપયોગ થાય છે)
2. **વર્ડપેડ** (ટૂંકા દસ્તાવેજ માટે તેનો ઉપયોગ થાય છે)
3. **પેઈન્ટ** (પેઈન્ટિંગ માટે તેનો ઉપયોગ થાય છે)

# નોટપેડ

નોટપેડ એ વિન્ડોઝ એક્સપીનું ડિફોલ્ટ વર્ડ પ્રોસેસર છે. આ સોફ્ટવેર વિન્ડોઝ એક્સપીના ઈન્સ્ટોલેશન બાદ ઉપલબ્ધ બનશે. નોટપેડનો ઉપયોગ ટેક્ષ્ટ રાખવા માટે થાય છે પરંતુ તે કોઈપણ એડવાન્સ્ડ ટેક્ષ્ટ ફોર્મેટિંગને સપોર્ટ કરતું નથી. નોટપેડ દ્વારા નિર્મિત ફાઈલ્સ મુખ્યત્વે ટેક્ષ્ટ ફાઈલ્સ તરીકે ઓળખાય છે. નોટપેટ ફાઈલનું ડિફોલ્ટ એક્સટેન્શન .TXT છે. નોટપેડ ખોલવા માટે Start menu> Programs> Accessories>Notepad પર જાઓ. નીચેની વિન્ડો દેખાશેઃ



આ વિન્ડોમાં ટાઈટલ બાર, મેનુ બાર, સ્ક્રોલ બાર અને ટેક્સ્ટ કીપિંગ એરિયા હોય છે. ટેક્સ્ટ ફોર્મેટ કરવા માટે ઍડિટ મેનુ સેટ ફોન્ટ ઑપ્શન પસંદ કરો. અહીં તમે માત્ર ફોન્ટ ફેસ, ફોન્ટ સાઈઝ અને ફોન્ટ સ્ટાઈલ બદલી શકો છો. નોટપેડ કોઈપણ રૂલરને સપોર્ટ કરતું નથી, કારણ કે ટેક્સ્ટ રેપિંગની કોઇ વિભાવના નથી. જો તમે નવી લાઈનથી કોઈપણ લખાણ લખવા માંગતા હો તો તમારે એન્ટર કી દબાવવાની રહે છે.

ફાઈલ સેવ કરવા માટે ફાઈલ>સેવ પર જાઓ અને ફાઈલનેમ આપીને સેવ કરો.




### નોટપેડનો લાભ

જો તમારા મશીનમાં એમએસ–ઑફિસ ઈન્સ્ટોલ કરેલી ન હોય અને તમે ભાવિ સંદર્ભ માટે કોઇ અગત્યનું લખાણ મૂકી રાખવા માંગતા હો તો તમે તેના માટે નોટપેડનો ઉપયોગ કરી શકો. આ પ્રકારની ફાઈલ એમએસ–ડોસમાંથી પણ ખોલી શકાય છે અને તમે ફાઈલમાં સીધા જ ફેરફારો કરી શકો છો.

## વર્ડપેડ

વર્ડપેડ એ ટૂંકા દસ્તાવેજો માટે ટેક્સ્ટ ઍડિટર છે. તે વિન્ડોઝનું ડિફોલ્ટ વર્ડ પ્રોસેસર છે. આ સોફ્ટવેર વિન્ડોઝ એક્સપીના ઈન્સ્ટોલેશન બાદ ઉપયોગમાં લઈ શકાય છે. જ્યાં ટેક્સ્ટમાં ફેરફાર, ફોર્મેટિંગ અને પ્રિન્ટિંગ પણ શક્ય હોય ત્યાં ડોક્યુમેન્ટની અંદર લખાણ રાખવા માટે તેનો સામાન્ય રીતે ઉપયોગ થાય છે. વર્ડપેડ ફાઈલનું એક્સટેન્શન **.WRI** છે. વર્ડપેડ ખોલવા માટે Start menu > Programs > Accessories > WordPad પર જાઓ. નીચેની વિન્ડો દેખાશેઃ



**વર્ડપેડના ઘટકો**

1. ટાઈટલ બાર
2. મેનુ બાર
3. સ્ટાન્ડર્ડ ટૂલબાર
4. ફોર્મેટિંગ ટૂલબાર
5. રૂલર
6. ડોક્યુમેન્ટ એરિયા
7. સ્ટેટસ બાર

**વર્ડપેડમાં કામ કરવું**

વર્ડપેડ લોડ થયા બાદ તમને એક બ્લેન્ક ડોક્યુમેન્ટ મળશે. ડોક્યુમેન્ટ એરિયાની શરૂઆતમાં ઝબૂકતી ઊભી લીટી જોવા મળે છે જેને કર્સર કહે છે. તે હાલનું એ સ્થાન દર્શાવે છે જ્યાં ટેક્ષ્ટ દાખલ કરવામાં આવશે. અહીં તમે કીબોર્ડમાંથી ટાઈપિંગ કરીને ટેક્ષ્ટ મૂકી શકો છો. કોઈપણ ટેક્ષ્ટ મેટરને ફોર્મેટ કરવા માટે માઉસ ડ્રેગિંગ વડે સામગ્રી પસંદ કરો અને ત્યારબાદ ફોર્મેટિંગ ટૂલબાર એક્સેસ કરો અથવા ફોર્મેટ મેનુમાં જાઓ. મોટાભાગના મેનુ વિકલ્પો પેઈન્ટમાં વ્યાખ્યાયિત કરેલા વિકલ્પો જેવા જ હોય છે, પરંતુ કેટલાંક નવા મેનુ દાખલ કરવામાં આવ્યા છે તે ઈન્સર્ટ અને ફોર્મેટ મેનુ છે.

## સાર

- સીડી બર્નિંગની ક્ષમતા વિન્ડોઝ એક્સપીમાં ઈનબિલ્ટ છે. તમે વિન્ડોઝ એક્સપ્લોરરમાંથી સીડી બનાવી શકો છો અને વિન્ડોઝ મીડિયા પ્લેયરમાંથી પણ તે બનાવી શકો છો.
- આ ફીચર વિન્ડોઝ એક્સપીના ડ્રાઈવ લિસ્ટમાંથી યોગ્ય ડિવાઈસ સપ્લાય કરીને કોઈપણ નવા હાર્ડવેર ડિવાઈસને સક્રિય કરવામાં મદદ કરે છે. જો સંબંધિત ડિવાઇસ ડ્રાઈવર વિન્ડોઝ એક્સપીમાં ઉપલબ્ધ ન હોય તો ઑપરેટિંગ સિસ્ટમ પોતે ડિવાઈસને ચલાવવા માટે સંબંધિત ડિવાઈસ ડ્રાઈવર સપ્લાય કરવા માટે તાકીદનો મેસેજ આપશે.
- નોટપેડનું એક્સટેન્શન .txt છે અને વર્ડપેડનું એક્સટેન્શન .wri છે.

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોનાં જવાબો આપોઃ

i) વિન્ડોઝ એક્સપી શું છે?

ii) મલ્ટીટાસ્કિંગ એટલે શું?

iii) એમ્બેડિંગ એટલે શું?

iv) લિન્કિંગ એટલે શું?

v) પ્લગ એન પ્લેનો શું અર્થ છે?

2. નોટપેડ અથવા વર્ડપેડ ખોલો અને નીચેનું લખાણ (ઓછામાં ઓછો 3 વખત) ટાઈપ કરો અને ફાઈલને તમારા નામ વડે સેવ કરોઃ

QWERTY U I O P A S D F G H J K L Z X C V B N M

Q w e r t y u I o p a s d f g h j k l z x c v b n m

A b C d E f G h I j K l M n O p Q r S t U v W x Y z

1234567890

123 456 789 / * - . + (ન્યુમરિક કીબોર્ડનો ઉપયોગ કરીને)

@ ! ~ # $ % ^ & * ( ) - = _ + / . , ' ; \ [ ] ? >< " : | { }

3. વિન્ડોઝ એક્સપી કેવા પ્રકારની ઑપરેટિંગ સિસ્ટમ છે?
4. વિન એક્સપીમાં તમે ફાઈલ કાયમી કેવી રીતે ડીલીટ કરી શકો?
5. ડેસ્કટોપમાં હાજર ઘટકો કયા છે?
6. આપણે શા માટે આઈકોનનો ઉપયોગ કરીએ છીએ?
7. શોર્ટકટનું કાર્ય શું છે?
8. રિસાયકલ બિનનું રાઈટ ફંક્શન.
9. વિવિધ પ્રકારની સર્ચની પ્રક્રિયા વર્ણવો.
10. વિવિધ પ્રકારના વ્યૂ જણાવો.

# પ્રકરણ 3

## વિન્ડોઝ એક્સપી

**હેતુઃ**

- એમએસ પેઈન્ટ

---

## એમએસ પેઈન્ટ

એમએસ–પેઈન્ટ યુઝરને ચિત્રો/વસ્તુઓ દોરવામાં મદદ કરે છે. પેઈન્ટનો ઉપયોગ કરીને તમે ચિત્રો બનાવી શકો છો, ઍડિટ કરી શકો છો અને જોઈ શકો છો. તમે પેઈન્ટ પિક્ચરને તમે સર્જેલા અન્ય ડોક્યુમેન્ટમાં પેસ્ટ કરી શકો છો અથવા તમારા ડેસ્કટોપ બેકગ્રાઉન્ડ તરીકે તેનો ઉપયોગ કરી શકો છો. તમે સ્કેન કરેલા ફોટો જોવા માટે અને એડિટ કરવા માટે પણ પેઈન્ટનો ઉપયોગ કરી શકો છો.

**સ્ટાર્ટ પેઈન્ટ**

Start menu >All Programs > Accessories > Paint, પેઈન્ટની વિન્ડો દેખાશે.






**ટૂલબોક્સના સાધનો**

**ફ્રી–ફોર્મ સિલેક્શન** 

ચિત્રનો અસમાન ભાગ પસંદ કરવા માટે આ ટૂલને સક્રિય કરો અને ત્યારબાદ પોઈન્ટરને તે વિસ્તારની આસપાસ ડ્રેગ કરો. તમે બોક્સની બહાર ક્લિક કરીને સિલેક્શન બોક્સને દૂર કરી શકો છો.

**સિલેક્શન** 

ચિત્રનો સમાન ભાગ પસંદ કરવા માટે આ ટૂલનો ઉપયોગ કરો. ટૂલ પસંદ કરો અને ચિત્રનો વિસ્તાર પસંદ કરવા માટે ત્રાંસી રીતે ડ્રેગ કરો.

**ઈરેઝર/કલર ઈરેઝર** 

ચિત્રનો કોઈ ભાગ ભૂંસવા માટે ઈરેઝર ટૂલનો ઉપયોગ કરો. ટૂલબોક્સની નીચે ઈરેઝર આકાર પર ક્લિક કરો. તમે જે વિસ્તાર ભૂંસવા માંગતા હો તેના પર પોઈન્ટરને ડ્રેગ કરો. પસંદ કરેલ બેકગ્રાઉન્ડ કલર દર્શાવે છે કે ઈરેઝર પાછળ કયો રંગ છોડી જશે. કલર બોક્સમાં અન્ય રંગ પર રાઈટ ક્લિક કરીને તમે બેકગ્રાઉન્ડ કલરને બદલી શકો છો. તમે જે ઈરેઝ કરવા માંગતા હો તે કલરમાં ફોરગ્રાઉન્ડ કલરને બદલીને અને તમે તેને જે કલર વડે બદલવા માંગતા હો તેને બેકગ્રાઉન્ડ કલરમાં બદલીને તમે ચોક્કસ રંગ બદલી શકો છો. ત્યારબાદ તમે જ્યારે પણ ઈરેઝર પર ક્લિક કરશો ત્યારે તમે રંગ બદલવા માટે રાઈટ ક્લિક કરી શકો છો. એડિટ મેનુમાંથી પ્રત્યેક ફેરફાર માટે અનડુ ક્લિક કરીને તમે ત્રણ જેટલાં ફેરફારોને રદબાતલ કરી શકો છો.

### ફિલ વિથ કલર 

કોઈ વિસ્તાર કે વસ્તુને રંગથી ભરવા માટે ટૂલનો ઉપયોગ કરો. માઉસ પોઈન્ટરને વસ્તુના એરિયાની અંદર ગમે ત્યાં મૂકો, હાલના ફોરગ્રાઉન્ડ કલર વડે ફિલ કરવા માટે ડાબા બટનનો ઉપયોગ કરો અને બેકગ્રાઉન્ડ કલરથી ફિલ કરવા માટે જમણાં બટનનો ઉપયોગ કરો. જે ફિલ કરવામાં આવી રહ્યો હોય તે આકાર તેની કિનારમાં કોઈપણ બ્રેક ધરાવતી હોય તો ફિલિંગ કલર લીક થઈને બાકીના ચિત્રના વિસ્તારમાં ફેલાઈ જાય છે. તમે વ્યુ મેનુ પર ક્લિક કરીને અને ઝૂમ તરફ પોઈન્ટ કરીને અને ત્યારબાદ લાર્જ સાઈઝ કે કસ્ટમ ક્લિક કરીને કોઈપણ ઓપનિંગ શોધીને બંધ કરી શકો છો. ઈડ્ફોલ્ટ બેકગ્રાઉન્ડ અને ફોરગ્રાઉન્ડ કલર કલર બોક્સમાં ડાબી બાજુ દેખાય છે.

### આઈ ડ્રોપર 

એક વિસ્તાર કે વસ્તુમાંથી અન્યમાં રંગ કોપી કરવા માટે આઈ ડ્રોપરનો ઉપયોગ કરો. ફોરગ્રાઉન્ડ કલર પસંદ કરવા માટે ડાબા બટનનો ઉપયોગ કરો અને બેકગ્રાઉન્ડ કલર માટે જમણાં બટનનો ઉપયોગ કરો.

### ઝૂમ 

આ ટૂલનો ઉપયોગ કરીને તમે એડિટિંગના હેતુઓ માટે ચિત્રના કોઈપણ ભાગનો વ્યુ બદલી શકો છો. તેને 800% સુધી મોટો કરી શકાય છે. ટૂલબોક્સની નીચે વિવિધ ઝૂમિંગ ટકાવારીની યાદી દેખાશે જેમ કે 1x, 2x, 6x, 8x જેનો અર્થ છે અનુક્રમે 100%, 200%, 600% અને 800%.

### પેન્સિલ 

મુક્ત સ્વરૂપની લાઈન દોરવા માટે ટૂલને પસંદ કરો અને તેને ડ્રેગ કરીને લાઈન દોરો. ફોરગ્રાઉન્ડ અને બેકગ્રાઉન્ડ રંગોમાં દોરવા માટે તમે ડાબા અને જમણાં બટનનો ઉપયોગ કરી શકો છો.

### બ્રશ 

કોઈપણ ફ્રીહેન્ડ ચિત્ર દોરવા માટે આ ટૂલનો ઉપયોગ કરો. અહીં તમે બ્રશની જાડાઈ બદલવા માટેની તેમજ કેલિગ્રાફી ડ્રોઈંગ માટે બ્રશનો આકાર બદલવાની સુવિધા પણ મેળવો છો. આ સુવિધા મેળવવા માટે બ્રશના આકાર અને કદને નાના બોક્સમાંથી પસંદ કરો જે ટૂલબોક્સના નીચેના વિસ્તાર પર દેખાશે. કંઈપણ દોરવા માટે ટૂલને પસંદ કરો અને જરૂર પડે તે પ્રમાણે માઉસ પોઈન્ટરને ડ્રેગ કરો.

### એયર બ્રશ 

સ્પ્રે પ્રિન્ટિંગ માટે આ ટૂલનો ઉપયોગ કરો. ટૂલબોક્સની નીચે સાઈઝ બોક્સમાંથી યોગ્ય સાઈઝ પસંદ કરીને તમે સ્પ્રે સાઈઝ બદલી શકશો. મોટી સાઈઝ રંગની લઘુત્તમ ઘનતા આપે છે અને નાની સાઈઝ મહત્તમ ઘનતા આપે છે. સ્પ્રે કરવા માટે પોઈન્ટરને ડ્રેગ કરો. તમે ફોરગ્રાઉન્ડ અને બેકગ્રાઉન્ડ રંગો મેળવવા માટે ડાબા અને જમણાં બટનનો ઉપયોગ કરી શકો છો.

### ટેક્ષ્ટ 

ટેક્ષ્ટ ટાઈપ અને ફોર્મેટ કરવા માટે આ ટૂલનો ઉપયોગ કરો. ટૂલ પસંદ કરો અને ટેક્ષ્ટ ફ્રેમ બનાવવા માટે ડ્રેગ કરો. તમે ઈચ્છતા હો તે સાઈઝ પર પોઈન્ટરને ત્રાંસી રીતે ડ્રેગ કરો. ટેક્ષ્ટને ફોર્મેટ કરવા માટે ટેક્ષ્ટ ટૂલબાર સ્ક્રીન પર તાત્કાલિક દેખાશે. જો તે કોઈપણ કારણસર ઉપલબ્ધ ન હોય તો તેને સક્રિય કરવા માટે View menu>Text Tool બાર પર જાઓ. ટેક્ષ્ટ ટૂલબાર ફોન્ટ્સનો વિકલ્પ ધરાવે છે જે તમે પસંદ કરેલા ટેક્ષ્ટ માટે જોઈતી સાઈઝ, સ્ટાઈલ, ટેક્ષ્ટના રંગ વગેરે માટે એપ્લાય કરી શકો છો. ટેક્ષ્ટ ફ્રેમની અંદર ક્લિક કરો, ટેક્ષ્ટ ટાઈપ કરો અને ત્યારબાદ જરૂર પડે તો તેને ફોર્મેટ કરો. જો કે, જ્યારે ટેક્ષ્ટ ટૂલ પસંદ કરવામાં આવે ત્યારે તમે માત્ર ટેક્ષ્ટ જ પેસ્ટ કરી શકો છો. તમે ગ્રાફિક્સ પેસ્ટ કરી શકો નહીં.

### લાઈન 

સીધી લાઈન દોરવા માટે તમે આ ટૂલનો ઉપયોગ કરી શકો છો. અતૂટ આડી, ઊભી કે ૪૫-ડિગ્રીના વળાંકવાળી ત્રાંસી લાઈન દોરવા માટે શિફ્ટ કી દબાવી રાખીને માઉસ પોઈન્ટર ડ્રેગ કરતાં રહો. જો તમને જરૂર જણાય તો તમે લાઈનની જાડાઈ પણ બદલી શકો છો.

### કર્વ 

વક્ર રેખા દોરવા માટે કર્વ ટૂલનો ઉપયોગ થાય છે. વળાંક દોરવા માટે પ્રથમ સીધી લાઈન દોરો અને ત્યારબાદ કમાન બનાવવા માટે કોઈપણ દિશામાં માઉસ પોઈન્ટરને બે વખત ડ્રેગ કરો. પ્રત્યેક વળાંક ઓછામાં ઓછી એક કમાન ધરાવતો હોવો જોઈએ પરંતુ બેથી વધારે નહીં.

### રેક્ટેન્ગલ 

લંબચોરસ અથવા ચોરસ દોરવા માટે આ ટૂલનો ઉપયોગ થાય છે. લંબચોરસ દોરવા માટે ટૂલને પસંદ કરો અને તેને ત્રાંસી રીતે ડ્રેગ કરો. ચોરસ દોરવા માટે શિફ્ટ કી દબાવી રાખીને માઉસ પોઈન્ટર ડ્રેગ કરતાં રહો. તમે લંબચોરસ અથવા ચોરસની કિનારની જાડાઈ બદલી શકો છો અને માત્ર આઉટલાઈન, ફિલ વિથ આઉટલાઈન અથવા માત્ર ફિલ જેવી આકૃતિ દોરવા માટે કોઈપણ સ્ટાઈલ પણ પસંદ કરી શકો છો. જાડાઈ બદલવા માટે લાઈન અથવા કર્વ ટૂલ પસંદ કરો અને ત્યારબાદ લંબચોરસ પસંદ કરો જેથી ચિત્રમાં સમાન જાડાઈ મેળવી શકાય. અહીં તમે ફોરગ્રાઉન્ડ અને બેકગ્રાઉન્ડ રંગોનો ઉપયોગ કરવા માટે ડાબા અને જમણાં બટનનો ઉપયોગ કરી શકો છો.

### પોલિગોન 

બેથી વધુ બાજુ ધરાવતા કોઈપણ બંધ વિસ્તારને દોરવા માટે આ ટૂલનો ઉપયોગ થાય છે. બહુકોણ દોરવા માટે પોઈન્ટરને ડ્રેગ કરીને દરેક ખૂણા પર ક્લિક કરો અને ત્યારબાદ પૂરું થાય ત્યારે ડબલ ક્લિક કરો. માત્ર ૪૫ ડિગ્રી અને 45 ડિગ્રીના ખૂણાંઓનો ઉપયોગ કરવા માટે ડ્રેગિંગ કરવા દરમિયાન શિફ્ટ દબાવી રાખો. ટૂલબોક્સની નીચે ફિલ સ્ટાઈલને ક્લિક કરીને તમે રંગથી ભરેલો બહુકોણ બનાવી શકો છો.

### ઈલિપ્સ 

આ ટૂલનો ઉપયોગ કરીને તમે વલય અથવા વર્તુળ દોરી શકો છો. ટૂલ પસંદ કરો અને પોઈન્ટર ત્રાંસી રીતે ડ્રેગ કરો. સંપૂર્ણ વર્તુળ દોરવા માટે તમે ડ્રેગ કરો તે દરમિયાન શિફ્ટ દબાવી રાખો. ટૂલબોક્સની નીચે ફિલ સ્ટાઈલને ક્લિક કરીને તમે રંગથી ભરેલો વલય અથવા વર્તુળ બનાવી શકો છો. લાઈનનો રંગ બદલવા માટે કલર બોક્સમાં નવા રંગ પર ક્લિક કરો અથવા ફિલ કલર બદલવા માટે નવા રંગ પર રાઈટ-ક્લિક કરો.

### રાઉન્ડેડ રેક્ટેન્ગલ 

આ સાધનનો ઉપયોગ રેક્ટેન્ગલ ટૂલ જેવો જ છે. ખાસ કરીને તે લંબચોરસને ગોળ ખૂણા આપે છે.

### મેનુ

પેઈન્ટ ફાઈલમાં ફેરફારો કરવા માટે પેઈન્ટ અથવા પેઈન્ટબ્રશ અલગ અલગ મેનુ વિકલ્પો પૂરા પાડે છે. મેનુના કાર્ય ક્ષેત્રના આધારે તેમને વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ફાઈલ મેનિપ્યુલેશન માટે તમે ફાઈલ મેનુ મેળવો છો, જેમ ડ્રોઈંગ મેનિપ્યુલેશન માટે તમારે એડિટ મેનુ વગેરે સાથે કામ કરવાનું હોય છે તે રીતે. તે કુલ છ મેનુને સપોર્ટ કરે છે, જેમ કે ફાઈલ, એડિટ, વ્યુ, ઈમેજ, કલર્સ અને હેલ્પ.

## ફાઈલ મેનુ

### ન્યૂ

આ વિકલ્પનો ઉપયોગ પેઈન્ટમાં નવી ફાઈલ બનાવવા માટે થાય છે. જો તમે કોઈપણ ફાઈલ સાથે કામ કરી રહ્યા હો અને તમે આ વિકલ્પ પસંદ કર્યો હોય તો તે તાત્કાલિક પૂછશે કે જો ફાઈલ સેવ ન થઈ હોય તો તમે હાલની ફાઈલમાં ફેરફારો સેવ કરવા માંગો છો કે કેમ, અન્યથા તે સીધી નવી ફાઈલ પૂરી પાડે છે. આ વિકલ્પને જાગૃત કરવા માટેનો શોર્ટકટ **Ctrl + N** છે.

### ઓપન

આ વિકલ્પનો ઉપયોગ પેઈન્ટમાં કોઈપણ પ્રવર્તમાન ફાઈલ ઓપન કરવા માટે થાય છે. જો તમે કોઈપણ ફાઈલ સાથે કામ કરી રહ્યા હો તો જરૂરી ફાઈલ ખોલતા પહેલાં તે તમને પૂછશે કે તમે હાલના ફેરફારો સેવ કરવા માંગો છો કે કેમ અને ખાતરી મળ્યા બાદ તે હાલની ફાઈલ બંધ કરશે અને જરૂરી ફાઈલ ખોલશે. આ વિકલ્પ માટેનો શોર્ટકટ **Ctrl + O** છે.

### સેવ

હાર્ડ ડિસ્ક, ફ્લોપી ડિસ્ક અથવા કોમ્પેક્ટ ડિસક પર કોઈપણ ફાઈલ કાયમી સેવ કરવા માટે તેનો ઉપયોગ થાય છે. જો તમે પ્રથમ વખત ફાઈલ સેવ કરી રહ્યા હો તો સેવ એઝ ડાયલોગ બોક્સ દેખાશે જે ફાઈલનેમ પૂછશે. પરંતુ જો ફાઈલ પહેલેથી કોઈક નામે સેવ થઈ ચૂકી હોય તો તે અન્ય નામ પૂછશે નહીં, લેટેસ્ટ ફેરફારો અગાઉના જૂના નામ હેઠળ સેવ થશે. પેઈન્ટ ફાઈલનું ડિફોલ્ટ એક્સટેન્શન .ઈખડ છે જે આપોઆપ ફાઈલનેમ સાથે ઉમેરાઈ જશે. આ વિકલ્પ માટેનો શોર્ટકટ **Ctrl + S** છે.

### સેવ એઝ

નવી ફાઈલ સેવ કરવા માટે અથવા પ્રવર્તમાન ફાઈલને નવા નામ હેઠળ સેવ કરવા માટે આ વિકલ્પનો ઉપયોગ થાય છે. નવા નામ હેઠળ પ્રવર્તમાન ફાઈલના ફેરફારોને સેવ કરવા માટે આ વિકલ્પનો ઉપયોગ કરો જેનાથી તમે નવું નામ આપી શકશો.

### પ્રિન્ટ પ્રિવ્યૂ

આ વિકલ્પ પ્રિન્ટિંગનો પહેલેથી ચિતાર પૂરો પાડે છે જેથી પ્રિન્ટર દ્વારા છેવટનું આઉટપુટ કેવું દેખાશે તે તમે જાણી શકો છો.

### પેજ સેટ-અપ

આ વિકલ્પનો ઉપયોગ કરીને તમે ડોક્યુમેન્ટ માટે પેપર સાઈઝ, અભિમુખતા સેટ કરી શકો છો તેમજ ડોક્યુમેન્ટની વિષયવસ્તુની યોગ્ય ગોઠવણ મેળવવા માટે અહીં માજીર્ન સેટ કરી શકાય છે તથા પ્રિન્ટઆઉટ ગોઠવણ પ્રમાણે યોગ્ય બનશે.

### પ્રિન્ટ

આ વિકલ્પ હાલમાં ખોલેલા ડોક્યુમેન્ટ માટે પ્રિન્ટર દ્વારા કાગળ પર હાર્ડકોપી અથવા પ્રિન્ટઆઉટ આપે છે. તે પેઈન્ટ ડાયલોગ બોક્સ પૂરું પાડશે જે આપે યોગ્ય પ્રિન્ટર નામ, કોપીની સંખ્યા, પ્રિન્ટ કરવાના કાગળોની સંખ્યા, પ્રિન્ટર માટે પેપર સેટિંગ્ઝ વગેરે તમારે પસંદ કરવાનું છે. આ ડાયલોગ બોક્સને જાગૃત કરવા માટેનો શોર્ટ કટ **Ctrl + P** છે.

### એક્ઝિટ

આ વિકલ્પથી પેઈન્ટ બંધ થઈ શકે છે. જો તમે કોઈપણ ફાઈલ સાથે કામ કરતાં હો અને આ વિકલ્પ ક્લિક કરો તો તે તમને સેવ કરવા માટે ખાતરી માટે પૂછશે અને જો તમે ‘‘હા‘‘ કહો તો તે છેવટે પેઈન્ટ બંધ કરશે. આ વિકલ્પને જાગૃત કરવા માટેનો શોર્ટકટ **Alt + F4** છે.

**ઍડિટ મેનુ**

આ મેનુ ચિત્રને બદલવા માટે ઘણાં વિકલ્પો ધરાવે છે.

**અનડુ**

આ ફીચરથી યુઝર છેલ્લું ઑપરેશન રદ કરી શકે છે. શોર્ટકટ **Ctrl + Z** છે.

**રીપીટ**

આ વિકલ્પ તમને અનડુ ઑપરેશન રદબાતલ કરવા માટે મદદ કરે છે એટલે કે જો તમે અનડુનો ઉપયોગ કરીને કોઈપણ ઑપરેશન રદ કર્યું હોય અને તાત્કાલિક તમે તે રદ થયેલી અસરને તમારા ડોક્યુમેન્ટમાંથી રદ કરવા માંગતા હો તો તમારે રિપિટ કમાન્ડનો ઉપયોગ કરીને હાલના રદ કરેલા ફેરફારને રદ કરવાનો રહેશે. તે સંપૂર્ણપણે અનડુ વિકલ્પ પર આધારિત છે, જો તમે અનડુ વિકલ્પનો સતત બે વખત ઉપયોગ કર્યો હોય તો વિકલ્પના પુનરાવર્તનનો પણ બે વખત ઉપયોગ થઈ શકે છે. આ વિકલ્પ માટેનો શોર્ટકટ **F4** છે.

**કટ**

ચિત્રના કોઈપણ પસંદગીના ભાગને દૂર કરવા માટે તેનો ઉપયોગ થાય છે. આ વિકલ્પ માટેનો શોર્ટકટ **Ctrl + X** છે.

**કોપી**

આ વિકલ્પનો ઉપયોગ ચિત્રના વિસ્તારમાંથી પસંદગીની નકલ મોકલવા માટે થાય છે. શોર્ટકટ **Ctrl + C** છે.

**પેસ્ટ**

ક્લિપબોર્ડની વિષયવસ્તુને ડોક્યુમેન્ટના વિસ્તારમાં પાછી લાવવા માટે આ આ વિકલ્પનો ઉપયોગ થાય છે. જ્યારે પણ તમે કોઈપણ બાબત કટ કે કોપી વિકલ્પનો ઉપયોગ કરીને ક્લિપબોર્ડને મોકલો ત્યારે તે માત્ર લેટેસ્ટ સામગ્રી જ સંઘરશે અને લેટેસ્ટ સામગ્રી વડે અગાઉની સામગ્રી ભૂંસાઈ જશે. આ વિકલ્પ માટેનો શોર્ટકટ **Ctrl + V** છે.




